દિવ્ય ભાસ્કર

**29th September 2015**

## પોઝિટિવ ન્યૂઝ

# પાલવ સ્કૂલમાં વિદ્યાર્થીઓનો લાઈવ પોસ્ટઓફિસ પ્રોજેક્ટ

રાજકોટ | રાજકોટની પાલવ સ્કૂલના યુનિટ નં.2, પાલવ વિદ્યાધામમાં તાજેતરમાં ડિઝિટલ પોસ્ટ ઓફિસનો લાઈવ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. તે માટે પાલવ પોસ્ટ ઓફિસ બનાવવામાં આવી હતી. જેમાં પોસ્ટ, સ્પીડ પોસ્ટ, બિઝનેસ પોસ્ટ, સેવિંગ્સ બેંક, ઈન્સ્ટન્ટ મનિઓર્ડર, ખીલાટેલી, માઈસ્ટેમ્પ સહિત કુલ 13 ડિપાર્ટમેન્ટ એટલે કે લાઈવ કાઉન્ટર રાખવામાં આવ્યા હતા. કોમર્સના ધો.11-12ના 50 જેટલા વિદ્યાર્થીઓએ 10 દિવસની મહેનત બાદ આ પ્રોજેક્ટ બનાવ્યો હતો. તે સમયે સિનિયર પોસ્ટમાસ્તર એન. સી. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.